R.N.I.No. : 11555/1966 Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

Vol No. 56 Issue No. 4 July - 2013

## વચન

સેતુબંધ પૂર્ણ થયાનો આનંદ ઉલ્લાસ આખી સેનામાં ઉભરાઈ રહ્યો છે. સૌ પ્રભુની આસપાસ નાચી રહ્યા છે. હનુમાનજી ઉદાસ મને એક બાજુ ઊભા છે. એક ભક્તને ભગવાન સુધી પોતે ન પહોંચાડી શક્યા તેનો તેમને એટલો ખેદ છે કે સેતુબંધનું આ મહાકાર્ય પૂર્ણ થયાનો આનંદ એ માણી શક્તા નથી. પ્રભુનું ધ્યાન ગયું એટલે તેમણે હનુમાનજીને નજીક બોલાવ્યા અને તેમની ઉદાસીનું કારણ પૂછ્યું. અત્યંત વિનમ્રતાપૂર્વક હનુમાને પોતાના પર્વતરાજને આપેલા વચનની વાત કરી, ગોવર્ધનરાજ અત્યારે વ્રજભૂમિમાં પ્રભુના આદેશની રાહ જોઈ રહ્યા છે તે પણ કહયું. ભક્તવત્સલ ભગવાને હસીને તરત કહયું, હનુમાન, તું મારો પરમ ભક્ત છે. તે જે કહયું હોય તે મેં જ કહયું છે એમ ગણાય. હું જરૂર તારા વચનો સાર્થક કરીશ. હનુમાનજીનું હૃદય આનંદના ઉમળકાથી નાચી ઊઠયું. ભગવાને આગળ ચલાવ્યું, ગિરિરાજ ગોવર્ધનને મારી પ્રાપ્તિ થશે જ. તેમને મારું જે સ્વરૂપ અતિપ્રિય છે તે મયુરમુકુટ અને મુરલીધારી રૂપે જ તેમને અવશ્ય પ્રાપ્ત થઈશ. તમે તેમને કહો કે દ્વાપરમાં વ્રજભૂમિમાં હું તેમને અતિપ્રિય એવી બાળલીલા કરવા અવતાર ધારણ કરીશ, ત્યારે ન કેવળ તેમને એ સ્વરૂપનાં દર્શન થશે, પરંતુ હું વ્રજનાં ગોપબાળકો સાથે તેમના ફળફૂલનો ઉપભોગ કરીશ અને સતત સાત દિવસ સુધી હું તેમને મારા ઉપર એક આંગળીએ ધારણ કરીશ.

- સંકલન

# SHREE BALASINOR NAVYUVAK SANGH

118/120, Ardeshar Dadi Street,2nd Floor,V.P. Road.Mumbai 400 004. Tel:+91222388 7006

## GREETINGS OF THE DAY TO ALL BALASINORIANS

We are at the threshold of realizing our life long dream which our elders dreamt and gave us the courage to pursue - our fond aspiration of having a community hall for Balasinorians in the city of Mumbai.

The BNS office building is going for redevelopment. We entitle for 737sq. ft. carpet area equivalent to 1230 sq. ft. built up area. The adjoining additional area we wish to acquire is 963sq. ft. carpet area equivalent to 1608 sq. ft. super built up for the community hall. Together we will have 1700 sq. ft. carpet equivalent to 2840 sq. ft. super built up. Having a community hall will help the Balasinorians to facilitate social functions, general meetings and conduct cultural programs to serve our community.

The project cost for the additional area of 963 sq. ft. carpet area is approximately INR3.75 crore including all costs, taxes and furnishings.

**"WHERE THERE IS A WILL THERE IS A WAY.**
**A FAITH CAN MOVE MOUNTAINS".**

We humbly solicit your help and support in fulfilling this objective.

The first donor who comes forward with the donation of INR1 crore or more will be honored by having the community hall named after him/ her.

In our next edition of Jyotipunj we will be announcing various schemes for the funding of this esteem project.

It's just a beginning and we expect all of us to join this important cause by contributing generously for this good cause and fulfill our dream.

**"MANY HANDS MAKE WORK LIGHT"**

For any information kindly contact the following person:

**Rajnikant K.Kadakia (Dhariwala)**
M:+919820616469

**Kalpesh.S.Dharia(Balbal) - President**
M:+919820183907

**Pravinchandra.K.Shah (P.K.)**
M:+919821575238

**Bhavesh B. Mody(Thasrawala) - Secretary**
M:+918879422304

**Daxesh.B.Kadakia (Latkari) -** M: +91833176158

# જ્યોતિ પુંજ


| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૭ | ૦૪ | ૨૦-૦૭-૨૦૧૩ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**



**નિખિલ પરીખ (તંત્રી)**

**જતીન ન. દેસાઈ / દેવાંગ મોદી**

**જીગર કડકીઆ / બંકિમ પરીખ**

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

❖❖❖

**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)**

**એ. કે. એન્ટરપ્રાઇઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,

ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**visit us at www.balasinor.org**


## તંત્રી મંડળ તરફથી

બાદલ ભી બરસાત કા કિતના દિવાના હૈ !
વો નહી જાનતા કહા જાના હૈ કિસ છતકો ભિગોના હૈ !
વરસાદી વાતો લઈને આવ સજનવા
છોકરી ના હૈયામાં ચોમાસું બેઠું ને,
છોકરાના હૈયે લીલોતરી
કુંપળ ફૂટયાની વાત જાણીને છોકરો
છાપે છે મન માં કંકોતરી
છોકરીના હૈયામાં...
છોકરાએ મનમાં સગાઈ કરી
છોકરીને ભેટમાં દીધેલું ઝાપટુ
ખિસ્સામાં માય નહી છાતીમાં
મૂકેતો છોકરાને દર્દ થાય સામટું
છોકરાના હાથોમા જાણેકે છોકરીએ
વરસાદી રેખાઓ કોતરી.
છોકરીના હૈયામાં ...
છોકરીના કેશમાંથી ઝરતા ટીપા ઓથી
શ્રી ગણેશાય લખી નાખ્યું
મેઘ ધનુષ નામના મૂર્હતમાં છોકરાએ
ફેરા ફરવાનું રાખ્યું.
ગંગાને શોધતા છોકરાને હાથ જાણે
લાગી ગઈ આખી ગંગોતરી
છોકરીના હૈયામા ... મુકેશ જોષી...

સંઘના પ્રમુખ કવિ હૃદયના મિત્ર કલ્પેશ ધારિયાનો ફોન આવ્યો

અરે ! પહેલો વરસાદ પડયો.
કંઈ લખ્યું કે નહીં ?
શું કહું ?
શી રીતે લખાય
ભીના કાગળ પર ...

વરસાદની ઋતુ આંમતો કેટલી વ્હાલી લાગતી હોય છે ! પહેલા વરસાદનો રોમાંચ જ કઈ ઓર હોય છે. ભીની માટીની સુગંધ અને એવો જ ભીનો મધ મધતો સંબંધ આભ, ધરતી, અગાસી બધુ જ તરબતોળ,

વર્ષાની ઋતુએ કોઈ શિયાળા કે ગરમીની ઋતુની જેમ બીલ્લી પગે આવતી નથી. એ તો રાજા મહારાજાની સવારી આવી હોય એમ આવે વાદળો ગડગડાટ સંભળાવે તો વીજળી ઝબૂકે ને જમીનમાં સૂતેલા દેડકાઓ ડ્રાંઉ ડ્રાંઉ કરે તે મોર ટહૂકે ને વૃક્ષો નવલો શણગાર સજીને જાનમાં જોડાય. વરસતો વરસાદ જાણે એમ લાગે કે ઉઘાડી ધરતી ને લીલું પાનેતર પહેરાવી અલ્લડ કન્યામાંથી ગૃહીણી બનાવે. કવિ રાજેન્દ્ર શુકલ લખે છે.

આકાશને પણ કેવું સાવ ખોટું ? ખોટું રડતા આવડે
બુંદે બુંદે ધરતીને ખૂલ્લે આમ અડતાં આવડે.

તપ્ત ધરતી પર જ્યારે પહેલો વરસાદનાં ફોરા વરસે છે ત્યારે શરીર તો ભીંજવી દે છે. પરંતુ આપણા અંતરમનને પણ ભીંજવી ઠંડક આપે છે. વર્ષાની પ્રત્યેક બુંદ આપણા રોમરોમમાં રોમાંચ ભરી દે છે. અને પ્રકૃતિતો જાણે લીલી ચાદર ઓઢીને નાચવા લાગે છે. સૃષ્ટિના દરેક અંગમા વર્ષાના સ્પર્શથી અનેરો આનંદ છવાઈ જાય છે.

વાતાવરણની આહલાદકતા, માટીની સુગંધ, હરીયાળી ધરતી. મેઘધનુષની લહેરાતી ઓઢણી, પંખીઓના ટહુકાર વર્ષાના વધામણાં છે. જાણે લાગે કે

ભીના ભીના ખૂશ્બુદાર વાયરાની મૌસમ આવી ઓ સાહેલડી!

મારી પોતાની અષાઢી રંગત ફરી જામી!

વરસતો વરસાદ એ પ્રકૃતિ અને માનવનો સહપ્રવાસ છે. બલ્કે બન્ને વચ્ચેની જુગલ બંદી છે. મન મૂકીને વરસતું આકાશ પોતે જ જળની કવિતા બને છે. જાણે એમ લાગે કે કદાચ વરસાદ ને પણ ધરતી સાથે ભરપૂર મહોબ્બત છે. અને એટલે જ તેનો વિરહ ન સહેવાય એવો વિકટ બને ત્યારે મન મૂકીને વરસી પડે છે.

ઘરની બહાર વરસાદ વરસતો હોય ત્યારે બાળપણની સ્મૃતિઓ તાજી થઈ જાય છે. તે મન બાળપણની યાદોમાં ખોવાઈ જાય વરસાદ એ બાળકો માટે છબછબિયાની મોસમ છે. ખાબોચિયામાં પગ પછાડવાની મજા અને આકાશ તરફ મોઢું રાકી ખૂલ્લી આંખ અને મોમાં વરસાદ ઝીલવાની મજા છે. ઈન્દ્રધનુષના રંગે રંગાઈ જવાનું અને ખોબામાં જળ ને ભરી ભીંજાઈ જવાનું.

હમણા થોડા દિવસ પહેલા વરસાદ પડયો ને બાળકો વરસાદમાં ન્હાવાની મજા લઈ રહ્યા હતા. બાજુમાં રહેતા નાના ચિંતનને પણ વરસાદમાં ન્હાવુ હતુ તેની મમ્મી એ તેને ન જવા દીધો. તેને કીધું વરસાદમાં ના ન્હાવાય બીમાર પડાય. સ્કુલ બગડે. આજકલ બસ બધે જ આજ સિનારીયો જોવા મળે છે. નાના નાના બાળકોની મજા જાણે લાગે કે શાળાના દફતરમાં દફનાઈ ગઈ છે. આપણે એ કેમ નથી સમજતા કે બાળપણ થી મોટી કોઈ શાળા નથી, ને અચરજ, વિસ્મયથી મોટું કોઈ શિક્ષક નથી.

જે કાગળની હોળી એ વરસતા પાણીમાં મૂકે છે ને એને સડસડાટ તરતા જતી જોઈને એને વિસ્મય જાગે છે એ અચરજ એ વિસ્મય જ એને જીવનનો પહેલો પાઠ ભણાવે છે કે જીદગીમાં ગમે તેટલા આફત કે પૂર આવે પણ એના પ્રવાહમાં આપણે પણ તરવાનું છે અને આમ પણ શાળા જીવનની પરીક્ષા ઓ પૂરી થયા પછી જ જીંદગીની પરીક્ષાઓ શરૂ થતી હોય છે. એતો આપણે આપણા અનુભવોથી જ પાસ કરવાની હોય છે! 'વો કાગજ કી કસ્તી વો બારીસ કા પાની, નાનપણના એ વરસાદની અને એ હોડીની યાદો તો કાયમ માનસપટ પર એ હોડીના જેમજ હંમેશ તરતા રહેવાની અને યુવાન હૈયા ઓ માટે તો જાને પ્રેમની, આ ઋતુ છે. જે પ્રેમ કરે છે તેને વરસાદ ગમે છે. તે પ્રેમ ભલે પછી માણસ હોય,

કુદરત હોય કે પરમાત્મા હોય.

ચોમાસું એ તો પ્રેમી ઓ માટે તરસવાની અને વરસવાની મોસમ છે.

કવિ રમેશ પારેખ લખે છે.

આકળ વિકળ આંખ કાન વરસાદ ભીંજવે
હાલક ડોલક ભાન શાન વરસાદ ભીંજવે
અહીં આપણે બે અને વરસાદ ભીજવે
મને ભીંજવે તુ તને વરસાદ ભીંજવે.

ખરેખર એવો કોઈ કવિ કે લેખક નહી હોય જેણે વર્ષા પર ના લખ્યું હોય.

વરસાદ જો પ્રેમ લઈને આવતો હોય તો વિરહ ની પણ યાદો લાવતો હોય છે. દિલ પર હાથ રાખીને કહેજો શું પ્રથમ વરસાદમાં શું તમારા પ્રથમ પ્રણયની યાદો તાજી નથી થઈ જતી અને કેટલીક સ્મૃતિઓ પણ પ્રથમ વર્ષા જેવી તો હોય છે ગમે તેટલા ચોમાસા જાય તો પણ માણસના મનને મોસમની પહેલી વર્ષાની ટાઢક આપવાનીજ.

તો કેટલાક લોકો વરસાદને માણતા જ નથી. વરસાદ અને પોતાની વચ્ચે ભીંત ઉંભી કરી દે છે. વરસાદથી બચવાના ઉપાયો કરવા લાગી જાય છે. કવિ આદિલ મન્સૂરી લખે છે.

કેટલીક માદકતા સંતાઈ હતી વરસાદમાં
મસ્ત થી સૃષ્ટિ બધી ઝુમી ઉઠી વરસાદમાં
રેઈનકોટ, છત્રીઓ, ગમશુઝ, વોટરપ્રુફ હેટસ
માનવી એ કેટલી ભીંતો ચણી વરસાદમાં !

એરકન્ડિશન બેડરૂમોમાં રહેવા ટેવાયેલા આપણને સૌને વરસાદની ઠંડી લહેરખીઓ સ્પર્શતીજ નથી.

રમેશ પારેખ લખે છે.

'આજ વરસાદ નથી એમ ન કહીએ રમેશ, એમ કહીએ હશે આપણે ભીના ન થયા'.

પ્રકૃતિ જો આટલો પ્રેમ આપણી પર વરસાવતી હોય તો આપણે પણ કેમ બાકાત રહીએ. મનની તમામ ખીડકીઓ દરવાજાઓ ખોલી નાખી પ્રિય પાત્રની સાથે એકાદ દિવસ ઓફિસમાંથી રજા લઈ વરસતા વરસાદમાં નીકળી પડો, ભીંજાઈ આઓ. તરબતર થઈ જાઓ મોકડા મને ખુલ્લા દીલે વરસાદમાં ન્હવાની મજા લઈ લો અને થોડીક ટાઢક દિલમાં સાચવી રાખજો આવતા ચોમાસા સુધી ચોક્કસ કામ લાગશે.

હવે કહું છું જરા ભીંજવાને વરસાદ સમે છે પછી
હળવેથી સંકોચાવને વરસાદના સમ છે
તમે નખશીખ ભીંજાયા અમે તો સાવ કોરા કટ
જરા ખોબો ભરીને ન્હાવને વરસાદના સમે છે.

**તંત્રી મંડળ તરફથી**
**શ્રી દેવાંગ રાજેન્દ્ર મોદી (પેપરવાળા)**

# યોગ

– બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)

યોગ એ આપણી પ્રાચીન વિદ્યા છે પાતાંજલિ ઋષિથી પ્રાપ્ત થયેલી આ વિદ્યા ગુરુપરંપરાગત છે. આ આદ્યાત્મિક વિદ્યા છે માનવી ધાર્મિક હોય પરંતુ આધ્યાત્મિક ન હોય તો પરમલક્ષ્યની પ્રાપ્તિ અસંભવ બની જાય છે.

યોગવિદ્યાનો અમલ કરવાથી આપણને અનેક પ્રકારના ફાયદા થાય છે. આપણી શારિરીક, માનસિક, આર્થિક તથા આદ્યાત્મિક પ્રગતિ થાય છે. આંતરિક રીતે શરીર સુસજ્જ, તંદુરસ્ત, નિરોગી અને સ્વસ્થ રહે છે. શારિરીક શક્તિઓમાં ઉત્થાન થાય છે. મનમાંથી દરેક પ્રકારની ચિંતાઓ અને ભય હળવા થાય છે, દૂર થાય છે. માનસિક રોગોમાં ઘટાડો થાય છે. મનમાંથી વિચારો ઓછા થાય છે. માનસિક શાંતિ અને સ્વસ્થતાની પ્રાપ્તિ થાય છે. જ્યારે શરીર અને મન સ્વસ્થ અને શાંત બને છે ત્યારે ચિત્તની એકાગ્રતામાં નિરંતર વધારો થાય છે.

........ પરંતુ 'યોગ' એટલે શું ?

'યોગ' એટલે જોડાણ. પણ કોનું ? કોની સાથે ?

આપણું જોડાણ પરમતત્વ સાથે. પરમકુપાળુ પરમાત્મા સાથે આપણું જોડાણ એ જ યોગ. આ ચૈતન્યની પ્રાપ્તિ માટે આપણને આ શરીર આપ્યું છે. શરીરનો સાધના તરીકે ઉપયોગ કરી પરમાત્માની ખેવના કરવાની છે. મેળવવાની ભાવના કરવાની છે. અદમ્ય ઈચ્છા કરવાની છે. પરમતત્વની પ્રાપ્તિ કરવાની છે.

ઈશ્વર પ્રાપ્તિ ના ત્રણ માર્ગ બતાવ્યા છે.

(૧) ભક્તિ (૨) જ્ઞાન અને (૩) યોગ માર્ગ.

ફક્ત ભક્તિ હોય પરંતુ સાચી સમજ ન હોય શરીર અને મનની સ્વસ્થતા, એકાગ્રતા ન હોય તો પરમ સુખની પ્રાપ્તિ અશક્ય બની જાય છે. ફક્ત જ્ઞાન હોય પરંતુ અતૂટ અને અનંત શ્રધ્ધા અને વિશ્વાસ નો અભાવ હોય, શરીર પ્રત્યે દુર્લક્ષ્ય હોય તો જીવનમાં ઘણી બાધા, અડચણ નડે છે, અને જ્યાં બુદ્ધિ સીમિત બની જાય છે, સમજ નો અંત આવી જાય છે ત્યાંથી શ્રદ્ધાનો માર્ગ ચાલુ થાય છે. માટે એકલા જ્ઞાન માર્ગથી પણ વિટંબણા તો છે જ. પરંતુ યોગ એટલે ક્રિયા માર્ગ ક્રિયા કરતાં કરતાં કર્મના બંધન તૂટતા જાય છે. દુર્ગુણો નો નાશ થતો જાય છે. સદ્‌ભાવના, સદ્‌વિચારો અને સારાગુણોનો ઉદય થાય છે. કલ્યાણકારી કાર્યો પ્રત્યે રુચિ રસમાં વધારો થાય છે. આદ્યાત્મિક ઉત્થાન થાય છે. શરીર, મન અને પ્રાણ એકરૂપ થવા લાગે છે. પરમતત્વ, પરમલક્ષ્ય તરફ એકાગ્રતા વધે છે. ઈશ્વર દર્શનની અભિલાષા સફળ થાય છે. પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે. જ્યારે યોગમાં ભક્તિ અને જ્ઞાન ભળે છે ત્યારે જાણે સોનામાં સુગંધ ભળે છે. બધું જ સત્ય શક્ય બની જાય છે.

આપણું આ શરીર શાનું બનેલું છે ? આપણું શરીર પંચમહાભૂત તત્વોનું બનેલું છે. અગ્નિ, વાયુ, આકાશ, પૃથ્વી અને જળ. આ તત્વોમાં જો વધારો કે ઘટાડો થાય તો શરીર આપણને સાથ નથી આપતું. તંદુરસ્તી પર અસર વર્તાય છે. માટે આ તત્વોનું સપ્રમાણમાં રહેવું ખૂબ જરૂરી છે. આપણું શરીર રક્ત માંસ, મજ્જા, રસ, હાડકા, ચામડી વગેરેનું બનેલું છે. આપણા શરીરને કાર્યરત રાખવા આપણા શરીરમાં અનેક તંત્રો આવેલાં છે. દા.ત. શ્વસન તંત્ર, પાચન તંત્ર, રૂધિરાભિસરણ તંત્ર, અસ્થિ તંત્ર, જ્ઞાન તંત્ર, ઉત્સર્ગ તંત્ર, પ્રજનન તંત્ર વિગેરે. આમાં શ્વસન તંત્ર અને પાચન તંત્ર મુખ્ય છે આ બંને ને સ્વસ્થ રાખવા ખૂબ જરૂરી છે. કારણ દરેક તંત્ર

એક બીજા સાથે સંલગ્ન છે. એટલે સારી-ખરાબ અસર એક બીજા પર તરત જ પડે છે.

વાયુમંડળમાં રહેલા વાયુને, હવાને, પ્રાણતત્વને આપણે શ્વસન તંત્ર દ્વારા અંદર ખેંચીએ છીએ, લઈએ છીએ. પ્રાણવાયુ આપણા શરીરમાં મુખ્ય છે જે જુદા જુદા સ્થાન પર જુદા જુદા નામે ઓળખાય છે. પ્રાણ, અપાન, સમાન, ઉદાન, અને વ્યાન. આ દરેક ના વધારા-ઘટાડાની પણ આપણા શરીર પર અસર પડે છે. શારિરીક ક્રિયાઓ પર અસર થાય છે. મુખ્ય પ્રાણ વાયુ આપણા ફેફસા અને હૃદય ના ભાગ તરફ અનાહત ચક્ર તરફ રહેલો છે. તેથી તેનું મહત્વ ઘણું વધી જાય છે.

વાયુ મંડળમાંથી પ્રાણતત્વ ને પ્રાણવાયુ ને આપણે ચાહીને લઈએ, ચાહીને રોકીએ અને ચાહીને બહાર કાઢીએ તેને પ્રાણાયામ કહેવાય. શ્વાસ ચાહીને લેવો એટલે પૂરક. શ્વાસ ચાહી ને રોકવો એટલે કુંભક અને ઉચ્છ્વાસ ચાહીને બહાર કાઢવો એટલે રેચક.

જ્યારે આપણે શ્વાસ બરાબર ઉંડા, દીર્ઘ લેતા નથી ત્યારે ધીમે ધીમે આપણા ફેફસા ચીમડાઈ જાય છે. આ ફેફસા ફુગ્ગા જેવા છે. સ્થિતિસ્થાપક ફુગ્ગામાં હવા ભરીએ ને ફુગ્ગો ફૂલે તેમ ફેફસામાં દીર્ઘ શ્વાસ વડે પૂરેપૂરી હવા ભરી લેવાની છે.

જો યોગમાંથી પ્રાણાયામની બાદબાકી થઈ જાય તો 'યોગ', યોગ રહે જ નહીં. દરેક સ્વપ્ન, સિદ્ધિ યોગ દ્વારા શક્ય બને છે. જીવનનો હેતુ પરિપૂર્ણ થાય છે. જીવનમાં પરમસુખ, પરમ આનંદ અને પરમ શાંતિનો અહેસાસ થાય છે.

જીવનમાં યોગવિદ્યા અપનાવો અને જીવન મંગલમય બનાવો.

✣✣✣✣✣✣

## જીવનના પત્થર કાંકરા અને ધૂળ

ફિલોસોફીના એક પ્રોફેસરે એક વખત થોડી વસ્તુઓ સાથે કલાસમાં પ્રવેશ કર્યો જ્યારે કલાસ શરૂ થયો ત્યારે તેમને એક મોટા કાચની બરણી લીધી અને તેમાં મોટા મોટા પત્થર ભરવા લાગ્યા અને એ પથ્થરો વડે તેમણે તે બરણી ભરી દીધી પછી તેણે વિદ્યાર્થીઓને પૂછ્યું કે શું બરણી ભરાઈ ગઈ છે ? વિદ્યાર્થીઓએ જવાબ આપ્યો. હા.

પછી પ્રોફેસરે એક કાંકરાઓથી ભરેલું એક બોક્ષ કાઢ્યું અને તેમાંથી કાંકરાઓ લઈને તે બરણીને હલાવીને તેમાં ભરવા લાગ્યા બરણી ને હલાવવાથી કાંકરાઓ તેમાં પથ્થરોની વચ્ચે જગ્યા કરીને તેમાં ભરાવા લાગ્યા. એક વાર ફરીને તેમણે વિદ્યાર્થીઓને પૂછ્યું કે શું બરણી ભરાઈ ગઈ છે ? વિદ્યાર્થીઓએ જવાબ આપ્યો. હા.

ત્યારે પ્રોફેસરે એક ધૂળ ભરેલું બોક્ષ કાઢ્યું અને તેમાંથી ધૂળ લઈને તે બરણીમાં ભરવા લાગ્યા. આમ ધુળે વધેલી જગ્યા પણ ભરી દીધી. હવે પ્રોફેસરે ફરી ને વિદ્યાર્થીઓને પૂછ્યું કે શું બરણી ભરાઈ ગઈ છે? વિદ્યાર્થીઓએ જવાબ આપ્યો હા.

હવે પ્રોફેસરે સમજાવવાનું શરૂ કર્યુ. હું ઈચ્છું છું કે તમે લોકો આ બરણીને તમારું જીવન સમજો. મોટા મોટા પથ્થર આપના જીવનની જરૂરી વસ્તુઓ છે. તમારું કુટુંબ, તમારા પતિ/પત્ની, મા-બાપ, ભાઈ-બહેન, પુત્ર. તમારું સ્વાસ્થ્ય વગેરે. આ એવી વસ્તુઓ છે કે જો આ વસ્તુઓ હોય અને બાકીની વસ્તુઓ ના પણ હોય તો પણ તમારું જીવન પૂર્ણ અને ભરાયેલું રહેશે.

કાંકરાઓ એવી વસ્તુ છે જે તમારા જીવનમાં ઘણા અગત્યનો ભાગ ભજવે છે. જેમકે તમારી કારકિર્દી તમારું ઘર વગેરે. અને ધૂળ બાકીની નાની મોટી વસ્તુઓ દર્શાવે છે.

જો તમે બરણીને ધૂળથી ભરી દેશો તો પથ્થર કે કાંકરાઓ માટે જગ્યા નહિ બચે આવું જ આપણા જીવનમાં થતું હોય છે. આપણે આપણો બધો સમય અને શક્તિ નાની નાની વસ્તુઓ પાછળ ખર્ચી નાખીશું તો આપણી પાસે એ વસ્તુઓ માટે સમય શક્તિ નહિ વધે જે આપણા માટે ખરેખર ખુબજ જરૂરી છે. એવી વસ્તુઓ પાછળ તમારું ધ્યાન આપો જે તમારી ખુશી માટે જરૂરી છે. તમારી પ્રાયોરીટી નક્કી કરો બાકીની વસ્તુઓ તો બસ ધૂળ છે.

શ્રી બા.ન. સંઘ સંચાલિત
શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત

# મહિલા વિભાગ

Bollywood ના સો વર્ષ પૂરા કર્યાના Celebration નિમિત્તે પ્રથમ કાર્યક્રમ "Centenial Celebration of Indian Cinema" તા. ૫-૬-૨૦૧૩ના બુધવારના રોજ બપોરે તેજપાલ હોલમાં રાખવામાં આવ્યો હતો.

આપણા સમાજના બાળકલાકારો અને ગૃહિણીઓ એ સ્ટેજ ઉપર નૃત્યો અને ગાયનોની Talent અદા કરવાની ઉત્તમ તકને વધાવી લઈને મોટી સંખ્યામાં આ કલાકારોએ સુંદર મનોરંજન કાર્યક્રમ આપ્યો હતો. સૌ કલાકારોને ટ્રોફી આપી પ્રોત્સાહિત કર્યા હતા.

શ્રીમતી દિપ્તીબેન નલીન પરીખ તરફથી રૂા ૩૦,૦૦૦/-નું ડોનેશન મળ્યુ હતુ. સંસ્થા તેમનો આભાર માને છે. શ્રી બા. નં. સંઘના હોદ્દેદારોએ હાજર રહી પ્રસંગને દિપાવ્યો હતો. સંઘના પ્રમુખ શ્રી કલ્પેશભાઈ ધારીઆએ દિપ્તીબેનને બુકે આપી સન્માનિત કર્યા હતા. મોટી સંખ્યામાં બહેનોએ હાજરી આપી તે બદલ સર્વેનો આભાર. આ કાર્યક્રમ સૌ કમિટિ બહેનોના સાથ સહકારથી સફળ બન્યો હતો.

આગામી કાર્યક્રમ તા. ૩૦-૭-૧૩ના મંગળવારે બપોરે ૨.૩૦ કલાકે તારાબાઈ હોલમાં "HEALTH AND HUMOUR ઉપર રાખવામાં આવ્યો છે. જેના પાસ રૂા ૫૦/- રાખવામાં આવ્યા છે. તા. ૨૩-૭-૨૦૧૩ના મંગળારે બપોરે ૩ થી ૪ દરમ્યાન સંસ્થાની ઓફિસમાંથી અથવા કોઈપણ કમિટીની બહેનો પાસેથી મેળવી શકશો.

**સંયોજક - પ્રતિમા કીરીટ ધારીઆ– ૯૮૨૦૧૫૨૬૪૪**



મુખ્ય અતિથિ
શ્રીમતી દિપ્તીબેન નલીન પરીખનું
સન્માન કરતાં
પ્રમુખ શ્રી કલ્પેશ ધારીઆ
સાથે પ્રતિમાબેન કીરીટ ધારીઆ



**શ્રી નિખીલ પરીખ**

# આપણા સિલ્વર જ્યુબલી તંત્રી

તા. ૧૦-૫-૧૯૮૮ના રોજ પુરોગામી જ્યોતિપુંજના તંત્રી શ્રી ઉર્વીશભાઈ પાસેથી તંત્રી તરીકેની જવાબદારી સ્વીકાર્ય બાદ સતત ૨૫ વર્ષ સુધી તંત્રી તરીકેની કારકિર્દી સંભાળનાર આપણા સૌના મિત્ર એવા શ્રી નિખીલભાઈ બાબુભાઈ પરીખ (લાય) તેમના ધંધાકીય વ્યસ્ત જીવન અને લાંબા સમય સુધી વારંવાર સાઉદી અરેબિયાના પ્રવાસને કારણે જ્યોતિપુંજના તંત્રી તરીકેની જવાબદારીમાંથી મુક્ત થાય છે ત્યારે ૨૫ વર્ષની તેમની અવિરત સેવાની જવાબદારીની નોંધ લેતા ગૌરવ અને આનંદ અનુભવુ છું.

જ્યોતિપુંજના ૬૦ વર્ષના પ્રકાશનમાં તંત્રી તરીકે ૨૫ વર્ષ સુધી તેમને અનેક વિવિધ સેવાઓ જ્યોતિપુંજના માધ્યમ દ્વારા આપી છે. સંસ્થાકિય માળખામાં રહી વતન સમક્ષ અનેક સામાજીક આર્થિક સમસ્યાઓ સચોટ રીતે રજુ કરી સમાજની સેવા કરવાનો પ્રયત્ન કર્યો છે.

તેમના દ્વારા લખાતા તંત્રી લેખો અને અન્ય લેખન સામગ્રી વાંચન વર્ગને ઉત્સાહીત પ્રેરણાદાયક હોવાથી વાંચકો પ્રેમથી વાંચતા.

તેમના દ્વારા નવોદીત લેખકોને સારી તક મળતી રહી હતી. જ્યોતિપુંજ માત્ર સાહિત્યતીક માસિક નથી. પરંતુ શ્રી બાલાસિનોર નવયુક સંઘનું મુખપત્ર વાડસોલ વતનીઓનું પોતીકું માસિક અને બાલાસિનોરની અન્ય સંસ્થાઓના પ્રતિનિધિ તરિકેનું માસિક છે. તેનો પુરતો ખ્યાલ રાખી પુરતો ન્યાય આપવામાં તંત્રી તરીકેની જવાબદારી નિભાવવાનો પ્રયત્ન કર્યો છે.

શ્રી નિખીલભાઈ એક સારા મૌલિક વિચારક શબ્દોના સ્વામિ સારા વક્તા અને ઉમદા સંચાલક રહયા છે.

સમયના અભાવે ૨૫ વર્ષની તંત્રી તરીકેની જવાબદારીમાંથી મુક્ત થાય છે, ત્યારે આપ સૌ વતી ૨૫ વર્ષ સુધી તંત્રી તરીકેની આપેલ યોગદાનની નોંધ લઈ તેમના પ્રવૃત્તિમય જીવનની સફળતા ઈચ્છું છું.

**પ્રમુખ – શ્રી કલ્પેશ સુરેશ ધારીઆ – શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

**ગિરિ પૂજા ' કોકીલાબેન પ્રવિણચંદ્ર પૂનમચંદ બીન ચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા)**

## જનતા ફી સહાય યોજના

વિદ્યાર્થીભાઈઓ તથા બહેનો માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ ફી સહાય સમિતિની રચના કરવામાં આવી છે. તે હેઠળ જરૂરિઆતમંદ વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોને ફી સહાય કરવામાં આવશે.

ફોર્મ લઈ જઈ સંપૂર્ણ વિગતો વાલીની સહી લઈ ઓફિસમાં તા. ૧૫.૯.૨૦૧૩ પહેલા આપી જવા વિનંતી.

ફોર્મની વિગતો સંપૂર્ણ ભરવી જેથી કરીને ફી સહાય મેળવવામાં વિલંબ ન થાય. આ આપણા સમાજ તરફથી આપવામાં આવતી સહાય છે. તેથી જરૂરિયાતવાળાઓ તેનો અવશ્ય લાભ લેશે તેવી આશા.

ફોર્મ મેળવવા તથા ભરીને આપવાનું સ્થળ : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ઓફિસે. ઓફિસ સમય દરમ્યાન (સોમ થી શનિ) બુધવાર સિવાય બપોરે ૩ થી ૭ રવિવારે સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ સુધી. અને શ્રી બાલાસિનોર પ્રગતી સમાજની ઓફિસે સાંજે ૪ થી ૬ વાગ્યા સુધી (સોમ થી શનિ). ફોર્મ સાથે ઝેરોક્ષ માર્કશીટ અને ફી રીસીપ્ટ આપવી જરૂરી છે.

**મંત્રી - ભાવેશ મોદી (ઠાસરાવાળા)** **સંયોજક - ચંદ્રેશ પ્રવિણચંદ્ર કડકીઆ (ખીસાદાર)**

## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

### પ્રોગ્રામ એન્ડ ઈવેન્ટ મેનેજમેન્ટ

Email : balasinor.pragatisamj@gmail.com

ખાસ યાદ રાખવા જેવો દિવસ!! શુક્રવાર તા. ૬-૯-૨૦૧૩ સાંજે ૬.૩૦ કલાકે. આ દિવસે શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ સંચાલિત પ્રોગ્રામ એન્ડ ઈવેન્ટ મેનેજમેન્ટ દ્વારા સંસ્થાનો નવમો સેમીનાર યોજવામાં આવ્યો છે.

આપણા સમાજમાં ભાગ્યે જ કોઈક એવું હશે જેને N.M.Medicla Centre નું નામ નહી સાંભળ્યું હોય! આપણામાંથી ઘણાએ તેની મુલાકાત પણ ક્યારેક ને ક્યારેક તો લીધી જ હશે. પરંતુ તેના સ્થાપક અને નામાંકિત ડૉ. નીલેશભાઈ શાહને રૂબરૂ નહી મળ્યા હોવ. આ સેમીનાર તેમને પ્રત્યક્ષ મળવાનો અવસર પૂરો પાડશે. આ પ્રસંગે તેઓ મુખ્ય મહેમાન તેમજ મુખ્ય પ્રવકતા રૂપે ઉપસ્થિત રહેશે.

હંમેશ મુજબ શરૂઆતથી આઠમાં સેમીનાર સુધીના એકમાત્ર Sponsor શ્રી જયેશભાઈ રજનીકાંત શાહે (નગરશેઠ) નવમા સેમીનારમાં પણ આ જ પ્રણાલીકા ચાલુ રાખવા પોતાની અનુમતી દર્શાવી હોવાથી તેઓ સંસ્થાના આપોઆપ જ આભારના હક્કદાર બને છે.

કાર્યક્રમની અન્ય વિગતો - જેવી કે સ્થળ, સમય, વિષય વગેરેની જાણ હવે પછીના ઓગસ્ટ માસના જ્યોતિપુંજના અંકમાં આપવામાં આવશે તેની નોંધ લેશો.

બે માસ પૂર્વ સેમીનારની આગોતરી જાણ કરવાનો એકમાત્ર હેતુ આપના કિંમતી સમયનો સુવ્યવસ્થિત અને ઉત્તમ ઉપયોગ કરી શકો તે છે.

આવો અનેરો અવસર ચૂકી ન જવાય માટે ઉપરોક્ત વિગતો આપની નોંધપોથીમાં અગર તો આપના કિંમતી મોબાઈલમાં ટપકાવી રાખવા વિનંતી.

અંતમાં સભ્યોની જાણ ખાતર હંમેશ મુજબ સેમીનાર સમાપ્ત થયા બાદ ઉત્તમ ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

પ્રત્યેક બાલાસિનોરવાસીઓ, ખાસ કરીને યુવા વર્ગ આ અવસર ચૂકી ન જાય તેનું ખાસ ધ્યાન રાખી તેમાં હાજર રહેશો તો પણ સમાજસેવા કરી કહેવાશો.

**કન્વીનર - પંકજ ધારીઆ**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

❖ **રૂા. ૩૧,૦૦૦/- શ્રીમતી કલ્પના દીલીપ ધારીઆ** હસ્તે : શ્રી ધરવ દીલીપ ધારીઆ તરફથી **જનતા ફી સહાય પેટે** પ્રાપ્ત થયા છે. સંસ્થા તેમનો આભાર માને છે

❖ **રૂા. ૫૧,૦૦૦/- શ્રી કીર્તિનલાલ એમ. કડકીઆ (લટકારી)**ના પુત્રી શ્રીમતી વિભાબેન જવાહર શાહ તરફથી તેમની સુપુત્રી રૂપા જવાહર શાહના લગ્ન પ્રસંગ નિમિત્તે સંસ્થા તરફથી ચાલતી **નોટબુક રાહત યોજના** માટે નું વચન મળ્યું છે. સંસ્થા તેમનો આભાર માને છે.

❖ **રૂા. ૫૧,૦૦૦/-**-શ્રી સૌમિલ શૈલેષ શાહના લગ્ન પ્રસંગે સ્વ. ચંદ્રિકાબેન પ્રવિણચંદ્ર શાહ (બેઆની) તરફથી **શૈક્ષણિક પારિતોષીક** માટે વચન મળેલ છે. હસ્તે : સ્મીતાબેન શૈલેષ શાહ

❖ **રૂા. ૫,૦૦૦/-** શ્રી સૌરભ ભરત પરીખના શુભ લગ્ન પ્રસંગે દાન પ્રાપ્ત થયું છે. હસ્તે : શ્રીમતી સુર્વણા ભરત પરીખ. સંસ્થા તેમનો આભાર માને છે.

# SHREE BALASINOR PRAGATI SAMAJ

Balkrishna Krupa Co-op. Housing Society Ltd.,
45/49, Babu Genu Road, Off Kalbadevi Road, Mumbai - 400 002.
Telephone : 2205 3476

## ELECTION NOTICE

**ALL MEMBERS,** **July 11, 2013**

Nominations are invited from the members for the election of **FIVE MANAGING COMMITTEE MEMBERS** for the year 2013-2014, 2014-2015, 2015-2016 in place of following Five Members who are retiring by rotation from the present Managing Committee as per the Article 13-B-1 of the Constitution.

**1) Shri Pankaj Kantilal Dharia (Lalkha)**
**2) Shri Daxesh Babulal Kadakia (Latkari)**
**3) Shri Pradeep Pravinchandra Kadakia (Khisadar)**
**4) Shri Jatin Navnitlal Desai**
**5) Shri Nikhil Babulal Parikh (Lai)**

The above retiring members are eligible for re-election.

### NOTES

1) Nomination Papers are available at the Samaj office and will be given on written request.

2) The following dates for various stages have been set.

| | | |
|---|---|---|
| **a) Collection of Nomination Papers** | : | **1st August 2013 to 12th August 2013 (Both Days Inclusive) From 12.00 noon to 5.00 p.m.** |
| **b) Last date for filing of Nominations** | : | **Monday 12th, August 2013 by 6.00 p.m.** |
| **c) Last date for withdrawal of Nominations** | : | **Monday 19th, August 2013 by 6.00 p.m.** |

3) All nominations must be sealed in an envelope with a remark on it " Nominations for Managing Committee Members Election 2013-2016" only. (No name or any other matter should be written on the envelope.)

4) Nominations can also be obtained, submitted and withdrawn by post with a written application of the member residing out of Mumbai and should reach on time as mentioned herein above. (Samaj do not take the responsibility of any delay in receiving of nominations sent by post/courier).

5) Following member is appointed as the Convener of Election Scrutinizing Sub Committee.

**Shri Kirit Ramanlal Kadakia (Malam)**

6) The election, if necessary, will be held from 1.00 p.m. to 6.00 p.m. on Saturday, the 14th September, 2013 at the office of Shree Balasinor Pragati Samaj, **Smt. Subhadraben Navinchandra Shah (Kolkattawala) Meeting Hall**, Balkrishna Krupa Co-op. Housing Society Ltd., 45/49 Babu Genu Road, Off Kalbadevi Road, Mumbai 400002.

**RAJENDRA DESAI / PARESH PARIKH**
**(HON.SECRETARIES)**

**PARKING AVAILABLE AT SHREE NIKETAN GARDEN**

## SHREE BALASINOR NAVYUVAK SANGH
# MANAGING COMMITTEE 2013 - 2014

| SR NO | | NAME OF POST | RES NO | OFF NO | MOBILE |
|---|---|---|---|---|---|
| 1 | SHRI KALPESH SURESH DHARIA | PRESIDENT | 24384854 | 22081011 | 9820183907 |
| 2 | SHRI SAUMIL JITENDRA MODY | VICE-PRESIDENT | 23803136 | 23400502 | 9920213426 |
| 3 | SHRI BHAVESH BIPIN MODI | SECRETARY | 23531917 | 22060009 | 8879422304 |
| 4 | SHRI JASMINE BIPIN SHETH | JT.SECRATARY | 66333085 | 66378381 | 9820830060 |
| 5 | SHRI NILESH NAVNITLAL SHAH | JT.SECRATARY | 28926491 | 22088965 | 8082432301 |
| 6 | SHRI NIKESH JAYENDRA GANDHI | TREASURER | 32976469 | 22080370 | 9820496534 |
| 7 | SHRI RAJENDRA KIRTANLAL DESAI | HON. MEMBER | 23800762 | 66370721 | 9820080194 |
| 8 | SHRI YOGESH RAMNIKLAL DHARIA | HON. MEMBER | 23885131 | 22065992 | 9821544950 |
| 9 | SHRI DAXESH BABULAL KADAKIA | HON. MEMBER | 23868430 | 23439958 | 9833176158 |
| 10 | SHRI VRAJESH NAVNITLAL DESAI | HON. MEMBER | 23840527 | 66337259 | 9820039304 |
| 11 | SHRI JITENDRA PRAVINCHANDRA PAREKH | MEMBER | 23868179 | 22051994 | 9869002440 |
| 12 | SHRI KIRTI HIRALAL KADAKIA | MEMBER | 23857689 | 22053476 | 9821029270 |
| 13 | SHRI SANJAY JAYANTILAL SHAH | MEMBER | 23512472 | 23751837 | 9820341370 |
| 14 | SHRI SAMIR JAYENDRA GANDHI | MEMBER | 32976469 | 22060294 | 9821234306 |
| 15 | SHRI SAMIR PRAVINCHANDRA DHARIA | MEMBER | 23875380 | 23445251 | 9870716852 |
| 16 | SHRI HEMENDRA RAMANLAL SHAH | MEMBER | 28050735 | 23447382 | 9820011586 |
| 17 | SHRI BHARAT KANTILAL PARIKH | MEMBER | 28703142 | | 9869126018 |
| 18 | SHRI AJAY PRAVINCHANDRA DOSHI | MEMBER | 26203174 | 23864479 | 9819342856 |
| 19 | SHRI GOPAL RAMANLAL KADAKIA | MEMBER | 28071406 | 22089138 | 9819507452 |
| 20 | SHRI NIMESH BABULAL GANDHI | MEMBER | 28076188 | 28076188 | 9821164731 |
| 21 | SHRI AJIT NATVERLAL MODI | MEMBER | 28691185 | 22055166 | 9869029486 |
| 22 | SHRI DIXIT KIRTANLAL PARIKH | MEMBER | 28100112 | 22074489 | 9869003359 |
| 23 | SHRI SUNIL NAVINCHANDRA MODY | MEMBER | 28615703 | 66332101 | 9820120649 |
| 24 | SHRI CHIRAG CHANDRAKANT PARIKH | MEMBER | 23648483 | 23444157 | 9821574856 |
| 25 | SHRI JAGDISH SHANTILAL PARIKH | MEMBER | 22019506 | 23871797 | 9821418341 |
| 26 | SHRI ALPESH YOGENDRA DHARIA | MEMBER | 23694735 | 23421765 | 9833867601 |
| 27 | SHRI DEEPAK NAVNITLAL SHAH | CO-OPT MEMBER | 23864169 | 22079442 | 9820579155 |
| 28 | SHRI CHANDRESH PRAVINCHANDRA KADAKIA | CO-OPT MEMBER | 23886211 | 22018326 | 9322301024 |
| 29 | SHRI DAXESH SOMALAL PARIKH | CO-OPT MEMBER | 28078364 | 22909866 | 9820341430 |
| 30 | SHRI JIGAR MANIKANT KADAKIA | CO-OPT MEMBER | 28871396 | 23413538 | 9820331535 |
| 31 | SMT PRATIMABEN KIRIT DHRIA | MAHILA VIBHAG | 23813258 | | 9820152644 |
| 32 | SHRI NIKHIL BABULAL PARIKH | EDITOR | 23822510 | 0250-2453132 | 9821326432 |

| Name Of The Activity | Name Of Convener |
| --- | --- |
| Smt Chandanben Manilal Doshi Health Scheme<br>Smt Taraben Kirtanlal Lallubhai Desai Hospital Aid Scheme<br>By Pass Surgery Ujas Anish Gandhi Haste Anish Surendra Gandhi<br>Cancer Treatment Kamlaben Chimanlal Dharia Haste Shri Sudhirbhai Chimanlal Dharia (Rangoonwala)<br>Cataract Operation Smt. Subhadraben Navinchandra Shah & Shri Niranjan Modi (Kolkattawala)<br>Haste Shri Navinchandra Chimanlal Shah (Menpurawala)<br>Kindney Dieseas Kumudben Chabildas Sheth Haste Sujata Sachin Sheth. | Shri Saumil Jitendra Mody |
| Shreeji Mediclaim Yojna | Shri Nilesh Navnitlal Shah |
| Shri Rasiklal Chandulal Parikh (Sarkar) Note Book Aid Scheme<br>Shri Manojbhai & Ambrish Bhai Kacharia Concessional Rate Note Book Scheme | Shri Ajay Pravinchandra Doshi |
| Smt Maniben Ramanlal Mody (Bhatti) Text Book Scheme<br>Text Book Scheme For Post-graduation Shri Kanchanlal Chhotalal Gandhi (Surti) & Family.<br>Text Book Scheme For Std Xi To Graduation<br>Smt Nutan Akshay Parikh (Bakhli) Haste Shivani Akshay Parikh.<br>Text Book Scheme For Medical & Engineering Shri Manojbhai Pravinchandra Kacheria.<br>Text Book Scheme For Professional Courses In Memory Of Matushri Maniben &<br>Father Vallabdas Garbaddas Gandhi Haste Kokilaben .s. Modi Courtesy Manikoshi | Shri Jagdish Shantilal Parikh |
| Shri Rajnikant Kantilal Kadakia (Dhariwala)<br>Sponsored Annual Rasotsav | Co-ordinator Shri Saumil Jitendra Mody<br>Convener Shri Samir Jayendra Gandhi<br>Donors Felicicitation Shri Jigar Manikant Kadakia |
| Giripuja Kokilaben Pravinchandra Poonamchand Binchunilal Kadakia<br>(Vallabhghella) Janta Fees Sahay Yojna | Shri Chandresh Pravinchandra Kadakia |
| Dr Babulal Mohanlal Parikh (Vakil)Diwali Parva Aarthik Rahat Scheme | Shri Dipak Navnitlal Shah |
| Smt Manjulaben Shantilal Mehta (Dhariwala) Computer Education Scheme | Shri Alpesh Yogendra Dharia |
| Shri Surendra Parikh (Surendra Engineering Corporation) /<br>Shri Daxeshbhai And Minishbhai (M/S Kadakia Enterprises) Indoor Sports Scheme | Shri Sanjay Jayantilal Shah |
| Smt Meenaben Sudhir Dharia (Rangoonwala) Upnagar Vibhag | Shri Sunil Navinchandra Mody |
| Membership Management Scheme | Shri Samir Jayendra Gandhi |
| Smt Shantaben Shantilal Shah (Choksi) Educational Prize Distribution | Shri Jasmine Bipin Sheth |
| Smt Shantaben Kantilal Lalchand Doshi Sponsored Mahila Vibhag | Smt. Pratimaben. Kirit Dharia |
| Shri Natverbhai Mody (Jansathi) Sponsored B.n.s. Jansathi Trophy<br>Shri Dilipbhai Muljibhai Dharia(lalhha) Sponsored B.n.s Lalkha Trophy<br>Shri Dilipbhai Muljibhai Dharia(lalhha) & Shri Rupin Poonamchand Kadakia(bera)<br>Jointly Sponsored B.n.s Lalkha Bera T20 League | Shri Chirag Chandrakant Parikh |

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## સંસ્થા સમાચાર

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૧લી બેઠક તા. ૨૨-૬-૨૦૧૩ના રોજ શનિવારે સાંજે ૬.૩૦ કલાકે શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ (કલકત્તાવાળા) મીટીંગ હોલ (પ્રગતિ સમાજ ઓફીસ) ખાતે મળી હતી.

પ્રમુખશ્રી કલ્પેશ ધારીઆએ નીચે મુજબના મુદ્દાઓ હાથ ધર્યા હતા.

પ્રમુખશ્રીએ ૧૨મી બેઠકનો અહેવાલ રજુ કર્યો હતો, તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

પ્રમુખશ્રી એ ઉપપ્રમુખ માટે શ્રી સૌમિલ જીતેન્દ્ર મોદી, મંત્રી માટે શ્રી ભાવેશ બીપીન મોદી, સહમંત્રી માટે શ્રી જાસ્મીન બીપીન શેઠ તથા નીલેશ નવનીતલાલ શાહ, ખજાનચી માટે શ્રી નીકેશ જયેન્દ્ર ગાંધીના નામની જાહેરાત કરી હતી તે સર્વાનુમત્તે પસાર કરવામાં આવી હતી.

પ્રમુખશ્રી વિવિધ પેટા સમિતિના સભ્યોના નામની રજુઆત કરી હતી તે સર્વાનુમત્તે પસાર કરવામાં આવી હતી.

કુલ બે આજીવન સભ્યોની અરજી આવી હતી તે સર્વાનુમત્તે પસાર કરવામા આવી હતી.

### ૬૩મી વાર્ષિક સામાન્ય સભાનો અહેવાલ

૬૩મી વાર્ષિક સામાન્ય સભા તા. ૨૨-૬-૨૦૧૩ શનિવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે સંસ્થાના પ્રમુખ શ્રી કલપેશ સુરેશ ધારીઆ (બલબલ)ના નેજા હેઠળ શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ (કલકત્તાવાલા) મીટીંગ હોલ (પ્રગતિ સમાજ ઓફિસ) ખાતે મળી હતી.

સંસ્થાના સહમંત્રી શ્રી નીલેશ શાહ ગત ૬૨મી વાર્ષિક સામાન્ય સભાની કાર્યનોંધનું વાંચન કર્યુ હતુ અને ઠરાવ દ્વારા સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

સંસ્થાના પ્રમુખ શ્રી કલ્પેશ ધારીઆ એ પ્રાથમિક તથા ઉચ્ચ શિક્ષણના વિદ્યાર્થીઓને તેમની ગુણવત્તા મુજબ ઈનામોનું વિતરણ કર્યુ હતુ. આ વર્ષ ૨૦૧૧-૨૦૧૨ તથા શ્રીમતી શાંતાબેન શાંતીલાલ શાહ (ચોક્સી) શૈક્ષણીક પારિતોષીક વર્ષ ૨૦૧૨-૧૩નુ ભેગુ વિતરણ કરવામાં આવ્યુ હતું.

શ્રી સુરેન્દ્રભાઈ પરીખ (સુરેન્દ્ર એન્જીન્યરીંગ કોરપોરેશન) અને શ્રી દક્ષેશભાઈ / શ્રી મીનીષ કડકીઆ (કડકીઆ એન્ટરપ્રાઈઝ) આંતરીક રમત-ગમતના વિજેતાઓને પ્રમુખ શ્રી કલ્પેશ ધારીઆના હાથે વિતરણ કરવામાં આવ્યુ હતું.

સંસ્થાના મંત્રી શ્રી ભાવેશ મોદીએ વર્ષ ૨૦૧૨-૧૩ના કાર્યનો અહેવાલ રજુ કર્યો હતો. જેને ચર્ચા વિચારણા બાદ સર્વાનુમતે ઠરાવ દ્વારા પસાર કરવામાં આવ્યો હતો.

સંસ્થાના ખજાનચી શ્રી નીકેશ ગાંધીએ વર્ષ ૨૦૧૨-૧૩ના હિસાબ રજુ કર્યો હતો. તે ચર્ચા વિચારણા બાદ સર્વાનુમતે ઠરાવ દ્વારા પસાર કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૨-૧૩ માટે સંસ્થાના ઓડીટર તરીકે આઈ.ઓ. ધારીઆની નિમણુંક કરવામાં આવી હતી. અને જે સર્વાનુમતે ઠરાવ દ્વારા પસાર કરવામાં આવ્યુ હતુ. જેમા તેમનુ માનદ્ મહેનતાણુ નક્કી કરવાની સત્તા કારોબારીને આપવામાં આવી હતી.

આમંત્રીત શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીઆ (ધરીવાલા) અને શ્રી પ્રવીણચંદ્ર કોદરલાલ શાહ એ આપણી ઓફીસનું બીલ્ડીંગ જે રીડેવલપમેન્ટ માટે જવાનુ છે તેમા વધુ જગા લેવા બાબત અને તેના માટે ડોનેશનની ટહેલ નાખવાનુ સુચન કર્યુ હતુ. તે સહુએ વધાવી લીધુ હતી.

પ્રમુખશ્રી કલ્પેશ ધારીઆએ જાહેર કર્યું હતું કે એક કરોડ કે તેથી વધુ દાન આપનારનું હોલમાં નામકરણ થશે.

હાજર રહેલા સભ્યોએ નવયુવક સંઘના સંચાલન અંગે વિવિધ પ્રશ્નો તથા સુચનો કર્યા હતા, જેના સંતોષકારક જવાબ આપવામાં આવ્યા હતા.

પ્રમુખશ્રીનો આભાર માની સભા બરખાસ્ત કરી હતી. **મંત્રી – શ્રી ભાવેશ બીપીન મોદી**

# વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ

**શ્રીમતી હંસાબેન પ્રવિણચંદ્ર કડકિયા તથા શ્રીમતી રૂપલ પ્રદીપ કડકિયા**

## TALENT APPRECIATION SCHEME

**અમિતાભ બચ્ચન, આમિર ખાન, સચીન તેંડુલકર, એમ. એફ. હુસેન , ઐશ્વર્યા, માધુરી , કિશોરકુમાર, બિસમિલ્લાહ ખાન, બૈચુંગ ભુટિયા, ધનરાજ પિલ્લૈ, વિશ્વનાથન આનંદ, વિજેન્દ્ર**

. . . જેવાં અનેક

ગુણિયલ અને નામી કલાકારો અને રમતવીરો પાસેથી પ્રેરણા લઇ જેમણે વિવિધ કળા, રમત-ગમત, સાહિત્ય ક્ષેત્રે પોતાનું સ્થાન મેળવવાની કોશિષ આદરી છે , તેવાં વાડસોલ સમાજનાં ભાવિ મહાનુભાવો ને નિમંત્રણ

ઉપયુક્ત યોજના અન્વયે વાડાસિનોર દશાનીમા વણિક જ્ઞાતિના બાળકો, યુવાન, યુવતીઓ તેમજ કોઈપણ ઉંમરની વ્યક્તિઓ, જેમણે શિક્ષણ સિવાયના અન્ય ક્ષેત્રમાં (**Achievements in the fields of Fine Arts, Music, Dance, Singing , Acting Sports, Literature etc.**) પ્રશંસનીય યોગદાન આપ્યું હોય એવી વ્યક્તિનું ચાલુ વર્ષે મંડળની વાર્ષિક સામાન્ય સભામાં (૧૫ સપ્ટેમ્બર ૨૦૧૩) સન્માનપત્ર તથા યોગ્ય પુરસ્કાર અર્પણ કરી સન્માન કરવામાં આવશે. નજીકનાં ભુતકાળ તેમજ ચાલુ વર્ષ દરમિયાન પ્રાપ્ત થયેલ યોગદાનની રજુઆત ગણતરીમાં લેવામાં આવશે. જેમાં યોગ્યતા દર્શાવતું પ્રમાણપત્ર, સર્ટિફિકેટ અથવા અન્ય જરૂરી માહિતી (**Proof /Supporting Information & Documents**) તા. ૩૧-૮-૧૩ સુધીમાં આપવાની રહેશે. આ સિવાય વાડાસિનોર વણિક જ્ઞાતિની કોઈપણ વ્યક્તિએ જાહેર ક્ષેત્રમાં પ્રસંશનીય યોગદાન આપ્યુ હોય તે આપની જાણમાં હોય તો તેઓની માહિતી આપ અમને આપી શકો છો. આ યોજનામાં દશાનીમા વણિક જ્ઞાતિની બહેનો કે જેમણે પર જ્ઞાતિમાં લગ્ન કર્યા હોય તે તથા તેમના બાળકોનો પણ સમાવેશ કરવામાં આવશે.

આ યોજના અંગેની વધુ માહિતી જાણકારી અંગે આપ શ્રી અસીત રમેશચંદ્ર દેસાઈ (મેનપુરવાળા)-૯૮૨૦૧૫૭૩૩૫, શ્રી કિરીટ રમણલાલ કડકીઆ (મલમ)-૯૮૨૧૦૩૭૬૪૭, શ્રી ચેતન મોદી (બંગડી) -૯૯૨૦૫૪૦૮૫૮ તેમજ મંડળની કારોબારી સમિતિના અન્ય સભ્યોનો સંપર્ક સાધી શકો છો.

**માનદ્ મંત્રીઓ – શ્રી શરદ નટવરલાલ દેસાઇ, શ્રી મંજુલ શૈલેષ ધારીઆ**

## વાર્ષિક સામાન્ય સભા (AGM)

મંડળની ૮૯ મી વાર્ષિક સામાન્ય સભા (**AGM**) ૧૫ મી સપ્ટેમ્બર ૨૦૧૩- રવિવાર ના રોજ રામા વાટુમલ ઓડીટોરિયમ, કે.સી. કૉલેજ, ચર્ચગેટ, મુંબઇ - ૪૦૦૦૨૦ ખાતે સવારે ૯.૩૦ કલાકે આયોજિત કરવામાં આવેલ છે. વધુ વિગત આગામી અંકમાં રજુ કરવામાં આવશે.

આ પ્રસંગે શ્રીમતી હંસાબહેન પ્રવિણચંદ્ર કડકીઆ અને શ્રીમતી રુપલબહેન પ્રદીપ કડકીઆ પુરસ્કૃત **TALENT APPRECIATION SCHEME** ના ઉપક્રમે, વાડાસિનોર દશાનીમા વણિક જ્ઞાતિના, શિક્ષણ સિવાયના અન્ય ક્ષેત્રમાં પ્રશંસનીય યોગદાન આપ્યું હોય એવી વ્યક્તિનું સન્માનપત્ર તથા યોગ્ય પુરસ્કાર અર્પણ કરી સન્માન કરવામાં આવશે. આ ઉપરાંત વાડાસિનોર વણિક જ્ઞાતિનાંજ જાહેર ક્ષેત્રમાં પ્રસંશનીય યોગદાન આપનાર વ્યક્તિઓનું જાહેર સન્માન કરી આપણાં સમાજ ના વિરલ વ્યક્તિત્વોની સમાજ માં આગવી ઓળખ આપી , તેમની ઉપલબ્ધિઓને બીરદાવવામાં

આવશે. વર્ષ દરમિયાન રૂપિયા એક  લાખ કે તેથી વધુ રકમનાં દાન વડે મંડળની પ્રવૃત્તીને સબળ કરનાર દાતાઓનું પણ આ પ્રસંગે યથોચિત સન્માન કરવામાં આવશે.

**''વાડસોલ કર્મવીર''**

**શ્રી નટવરલાલ ચંદુલાલ પરીખ (વોરા) ની પ્રેરક સ્મૃતિ રૂપે**, .''વાડસોલ કર્મવીર'' તરીકે સમાજની વિવિધ સંસ્થાઓને દીર્ઘકાલિન સેવાઓ આપનાર કાર્યકર્તા શ્રી મોહનલાલ ચુનીલાલ પરીખ (લાય) ની સેવાઓને સન્માન થી ગૌરવાન્વિત કરાશે. સમાજનાં દરેક વ્યકતિઓને હાજર રહી સમાજ રત્નોને બીરદાવવાં જાહેર નિમંત્રણ.

**અનુકરણીય દાન**

અર્થસહાય મેળવી, ભણી ગણીને સંપન્ન થનારાં પૂર્વ વિદ્યાર્થી મિત્રોને સમાજનું ઋણ અદા કરવાની તક મળે એવી ભાવના સાથેની દાન અપીલ ના પ્રતિસાદ રૂપે ચાલુ માસ દરમ્યાન મંડળને નીચે મુજબ દાન મળેલ છે.

**૧. શ્રી મયુર નવનીતલાલ ઓચ્છવલાલ ગાંધી (મેનપુરાવાળા) તરફથી - રૂ. ૧,૦૦,૦૦૧ (રૂ.એક લાખ એક).**

મંડળ દાતાશ્રીનો અને તેમનાં પરિવારનો હૃદયપૂર્વક આભાર માને છે.

આ અનુકરણીય પ્રદાન આવાં અન્ય ભુતપૂર્વ વિદ્યાર્થી ઓ માટે વધુ સંખ્યામાં આગળ આવી , યથેચ્છ ફાળો આપવાં પ્રોત્સાહક બની રહેશે.

**માનદ્ મંત્રીઓ - શ્રી શરદ નટવરલાલ દેસાઇ, શ્રી મંજુલ શૈલેષ ધારીઆ**

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
### શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા (ધરીવાળા)પુરસ્કૃત
# કોમ્પ્યુટર શિક્ષણ યોજના

જત જણાવવાનું કે સંસ્થાએ M/S. Raj Software Techonology (India) LTD. સાથે કરાર કરી આ યોજનામાં સ્કુલ અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, સીનીયર સીટીઝન માટે સોનેરી તક ઉભી કરેલ છે. આ યોજનામાં નીચે મુજબના સર્ટીફાઈડ કોર્સ શીખવાડવામાં આવશે.

| Sr. No. | Course | Course Fees | Service Tax (12.36%) | Total |
|---|---|---|---|---|
| 1 | Office Automation | 1400.00 | 173.00 | 1573.00 |
| 2 | Tally. ERP9 | 2250.00 | 278.00 | 2528.00 |
| 3 | Kids Course | 1250.00 | 155.00 | 1405.00 |
| 4 | Web Page Designing | 5000.00 | 618.00 | 5618.00 |
| 5 | Desk-Top Publishing | 3000.00 | 371.00 | 3371.00 |
| 6 | Computer Hardware Course | 3000.00 | 371.00 | 3371.00 |
| 7 | CCCT Course | 5000.00 | 618.00 | 5618.00 |
| 8 | SPA | 13500.00 | 1669.00 | 15169.00 |
| 9 | G-TECH | 52866.00 | 6534.00 | 59400.00 |
| 10 | Smart IT Professional | 36000.00 | 4450.00 | 40450.00 |
| 11 | Smart Multimedia Professional | 36000.00 | 4450.00 | 40450.00 |
| 12 | Information Technology Professional | 10000.00 | 1236.00 | 11236.00 |
| 13 | Programming IN C | 1500.00 | 186.00 | 1686.00 |
| 14 | Programming In C++ | 2000.00 | 248.00 | 2248.00 |
| 15 | Programming InJAVA (CORE) | 4000.00 | 495.00 | 4495.00 |
| 16 | Programming InJAVA(ADVANCE) | 4500.00 | 556.00 | 5056.00 |
| 17 | Programming In VISUAL BASIC | 4000.00 | 495.00 | 4495.00 |
| 18 | Programming in SQL | 4000.00 | 495.00 | 4495.00 |
| 19 | Programming In. NET Technologies | 36000.00 | 4450.00 | 40450.00 |
| 20 | Programming In PHP | 9000.00 | 1113.00 | 10113.00 |
| 21 | Certified Accounting Professional | 5000.00 | 618.00 | 5618.00 |

આ યોજના માટે સંસ્થામાં ફોર્મ ભરવું જરૂરી રહેશે. ફોર્મની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતા પૂર્વક કોર્સ પુરો કરી સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦ ટકા ફી ચેક થી પાછી આપવામાં આવશે.

**Branches of Raj Academy -** Andheri (W), Bandra (E), Borivali (W), Kandivali (W), Dadar (E), Dahisar (E), Malad (W), Ghatkopar (W), Goregaon (W), Kandivali (E), Miraroad (E), Malad (E), Masjid Bunder

બીજુ મુંબઈ ખાતે Software Academy (પ્રાર્થના સમાજ) ખાતે નીચે જણાવેલ કોર્સ શીખવાડવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| 1. | Basic Cum Value Added Course | - | Rs. 1400/- |
| 2. | Tally ERP 9 | - | Rs. 2200/- |
| 3. | DTP (Desk Top Publishing) | - | Rs. 2000/- |
| 4. | Web Page Designing (WPD) | - | Rs. 3200/- |
| 5. | Complete Grandmaster (Kids Concept) | - | Rs. 900/- to Rs. 3600/- |
| 6. | Tiny Ladies Cum Value Address Course | - | Rs. 1700/- |

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસમાં સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ (નારાયણ ધ્રુવ સ્ટ્રીટ) ખાતેથી મળશે. આ અંગેની વધુ જાણકારી માટે તથા ફોર્મ સંપુર્ણ ભરીને સંયોજક અલ્પેશ યોગેન્દ્ર ધારીઆને નીચે જણાવેલ સરનામે મોકલવાના રહેશે.

**અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ** - ટેન. ૨૩૪૨૧૭૬૫ / ૨૩૪૩૬૮૯૮ / ૯૮૩૩૮૬૭૬૦૧

Bharat Asbestos & Rubber Co., 137 Narayan Dhuru Street, Ground Floor, Mumbai - 400 003

**મંત્રી : ભાવેશ બીપીન મોદી** **સંયોજક : અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**

# SHREE BALASINOR NAVYUVAK SANGH

## SHRI NATVARLAL CHUNILAL MODY (JANSATHI) TROPHY 2012-13

The second semi final match was played between APEX WONDER BOYS team led by Captain RIPAL PARIKH & SHITEN GLADIATORS team led by Captain SHITEN KADAKIA on 04TH May 2013.

Ripal Parikh won the toss & decided to field first.

**MATCH RESULT :** SHITEN GLADIATORS 93 all out. (Jimish Desai 28, Rohan Desai 22, Ripal Parikh 3/20)

RIPAL PARIKH 96/5. (Dhaval Shah 31, Nilpesh Modi 28, Mitul Gandhi 2/16).

**MAN OF THE MATCH :** DHAVAL SHAH.

RIPAL PARIKH'S team won the match by 5 WKTS to enter the finals..

## FINALS :

The Grand final match was played between APEX WONDER BOYS team led by Captain RIPAL PARIKH & D.C.C. TUSKERS team led by RIKIT MODY on 12TH May 2013 at Sachivalaya Ground Oval Maidan.

Ripal Parikh won the toss & decided to field first.

**MATCH RESULT :** RIKIT MODY 182 all out. (Rikit Mody 41, Utsav Mody 33, Ripal Parikh 5/39, Chirag Shah 2/41, Shreyas Mody 2/29, Jigar Parikh 2/40)

RIPAL PARIKH 139 all out. (Mitul Gandhi 36, Jigar Parikh 20, Nirav Desai 5/17, Suketu Parikh 2/21, Daishik Desai 2/14, Rikit Mody 2/11).

**MAN OF THE MATCH : NIRAV DESAI.**

**Thus D.C.C. TUSKERS team led by RIKIT MODY won the JANSATHI TROPHY for 2012-13 by 43 runs.**

**The closing ceremony was attended by the following :**

1. BNS PRESIDENT - SHRI KALPESH DHARIA
2. BNS VICE-PRESIDENT - SHRI SAUMIL MODY
3. BNS SECRETARY - SHRI BHAVESH MODI
4. BNS JOINT SECRETARY - SHRI JASMINE SETH & SHRI NILESH SHAH.
5. BNS TREASURER - SHRI NIKESH SHAH
6. B.N.S. JANSATHI TROPHY DONOR - SHRI SANJAY MODY.

Various prizes were distributed as per their respective performances in the tournament.

BEST BATSMAN OF THE SERIES : ROHAN DHARIA

BEST BOWLER OF THE SERIES : RIPAL PARIKH

MAN OF THE SERIES : NIRAV DESAI

Winning team captain RIKIT MODY was presented the trophy & cash prize of RS 11000 for the winning team sponsored by SHRI SAMIR DESAI (IMPEX ENGINEERING).

A special thanks to SHRI SAMIR.R.DESAI for awarding RS 15000 ( RS 11000 for the winning team & Rs 4000 for various prizes during the tournament.)

This brings us to the end of our season which saw us try new ideas with the introduction of KADAKIA ENTERPRISES T10 TROPHY, followed by representation of our community team in MIDDAY T10 TOURNAMENT, a new version with six team sponsors for the JANSATHI TROPHY, a colorful tournament of LALKHA BERA T20 TROPHY & a successful 3-1 series win of LALKHA TROPHY.

This was completely a team effort and a lot of them should get the credit for successful organization during the entire year.

Thanking first and foremost my entire committee NIRAV DESAI, SANJEEV DHARIA, SANDEEP DHARIA, SAMIR DESAI, RIPAL PARIKH, our BNS Co-ordinators ALPESH DHARIA & JIGAR KADAKIA.. They were always there when I wanted them.

A special thanks to SAMIR DHARIA, NILPESH MODI & CHIRAG MODI. They always helped us during each & every course of the matches and I really would like to appreciate their support.

Thanks to all our DONORS, SPONSORS, AND WELL WISHERS.

Hoping you all will keep the same faith & trust in our committee & help us work in a similar manner for the coming years also.

**SECRETARY** **CONVENOR**
**BHAVESH MODI** **CHIRAG PARIKH**

# શ્રી ગોકુલનાથજીનું મંદિર, બાલાસિનોર

વ્હાલા ભગવદીય વૈષ્ણવો......

ઠાકોરજીની પ્રેરણાથી આપની પાસે ફરી એકવાર ટહેલ નાખવા ઉપસ્થિત થવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે.

આપણા શ્રી ગોકુલનાથજી મંદિર બાલાસિનોર ઉપર ભગવદીય વૈષ્ણવોની અસીમ શ્રધ્ધા હોવાથી ઠાકોરજી માટે રોકડ, ઘરેણાં અને પ્રોપર્ટી રૂપે સેવા પ્રાપ્ત થાય છે.

આપણે મુખ્ય મંદિર અને પાઠશાલાનું (મંદિરની સામેનું મકાન) તથા ફગવા બગીચા ખાતે મંદિર આ બધાનું જીર્ણોધ્ધાર અને નવીનીકરણનું કામ ઠાકોરજીની કૃપાથી સંપન્ન થયું છે. મદાની શેરી ખાતે સ્વ. કમળાબેન વિષ્ણુપ્રસાદ જોષીનું એક મકાન આપણાં મંદિરની સેવામાં ભેટ તરીકે તેમના તરફથી મળ્યું છે.

સદર મકાન આપણાં મંદિરના નામે સીટી સર્વેમાં પણ નામે ચઢી ગયું છે. હવે મકાન જીર્ણ અવસ્થામાં છે. તેને પાડીને જરૂરી મુજબ બાંધકામ કરવાની જરૂરત છે.

આપણા મુંબઈ અને બીજે વસતા વૈષ્ણવો જેને વાડાસિનોર ખાતે આવે ત્યારે રહેવા માટે સગવડનો અભાવ હોય તેવા વૈષ્ણવો માટે ઉપરની જગ્યાને 'વૈષ્ણવ સદન' તરીકે ડેવલપ કરીએ અને તેમાં હાલ ભોયતળીયાનું બાંધકામ કરી એક બેડરૂમનાં ત્રણ બ્લોક બનાવીએ તો બહારગામથી આવેલા વૈષ્ણવને વાડાસિનોર ખાતે રહેવાની સગવડનો પ્રશ્ન હલ થી જાય.

જગ્યા મોટી અનુકુળતાવાળી છે એટલે જે હેતુ માટે આપણે ઉપયોગમાં લેવા માંગીએ છીએ તેનું આયોજન સુંદર થઈ શકે તેમ છે.

જે દાતા ૧૦ લાખ કે તેથી વધુ ન્યોછાવર આપે તેનું નામ શ્રી ગોકુલનાથજી મંદિર સંચાલીત **'દાતાનું નામ''** વૈષ્ણવ સદન આપવું. **રૂ.૫ લાખ**ની ન્યોછાવર આપનાર વૈષ્ણવનું **બે બેડરૂમ**ના ફલેટ ઉપર નામ આપવું. **અઢી લાખ**ની ન્યોછાવર આપનાર વૈષ્ણવનું **એક બેડ રૂમ** ઉપર નામ આપવું. જો એક **ડોરમેટરી** બનાવવાની થશે તો તેની **બે લાખ રૂપિયા**ની ન્યોછાવર આપનાર વૈષ્ણવનું નામ તેની સાથે જોડવામાં આપશો એવી આશા છે અને ઠાકોરજીની સેવામાં દૂધ ન્યોછાવર થવાથી તે કાયમ વધે છે એ શ્રધ્ધા રાખશો.

**તા.ક. :** સદનમાં ભવિષ્યની જરૂરત મુજબ બીજો એક માળ લઈ શકાય તે રીતે પાયો લેવાનો છે. આર્કીટેકના પ્લાનમાં બે બેડરૂમનો એક અને એક એક બેડ રૂમના બે બ્લોક બનતા હશે તો તે રીતે ગોઠવણ કરીશું.

**શ્રી ગોકુલનાથજીનું મંદિર ટ્રસ્ટના જૈ જૈ ગોકુલેશ**

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ, બાલાસિનોર

૧૭મી વાર્ષિક સામાન્ય સભા તારીખ ૧૩-૯-૨૦૧૩ના રોજ શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ (કલકત્તાવાલા) મિટિંગ હોલ પ્રગતી સમાજ ઓફિસ, બાબુગેનુ રોડ ખાતે રાખવામાં આવી છે. વધુ વિગત આવતા અંકમાં આવશે.

## કે.એમ.જી. હોસ્પિટલમાં નીચે મુજબના વિવિધ કેમ્પો યોજવામાં આવેલ

**(૧) લાયન્સ કલબ ઓફ ધોબી તળાવ - ચામડીના રોગોનો નિદાન કેમ્પ :** તા. ૪-૬-૧૩ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં અમદાવાદના ખ્યાતનામ ડૉ. સચીન પ્રજાપતીએ સેવાઓ આપેલ. આ કેમ્પમાં કુલ ૭૭ દર્દીઓએ લાભ લીધેલ. આ કેમ્પમાં જરૂરીયાતવાળા ૫૩ દર્દીઓને દશ દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ. આ કેમ્પમાં કુલ રૂા. ૬૭૪૩/-ની દવાઓ ફ્રી આપવામાં આવેલ.

**(૨) શ્રીમતી સરલાબેન મનહરલાલ કડકીઆ (મલમ) - દાંતના રોગોનો નિદાન કેમ્પ :** તા. ૨૦-૬-૧૩ના રોજ રાખવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૧૦ દર્દીઓએ લાભ લીધેલ. આ કેમ્પમાં જરૂરીયાતવાળા દર્દીઓને દસ દિવસની દવા ફ્રી આપવામાં આવેલ.

**(૩) શ્રીમતી ચંદ્રીકાબેન શશીકાંત મણીલાલ ગાંધી – બાળરોગ નિદાન કેમ્પ :** આગામી તા. ૧૦-૭-૧૩ના રોજ યોજવામાં આવેલ છે.

**(૪) શ્રીમતી મંજુલાબેન અને જયંતીલાલ લલ્લુભાઈ ધારીઆ (હેડમાસ્તર) કાન, નાક અને ગળાના રોગોનો નિદાન કેમ્પ :** આગામી તા. ૧૦-૭-૧૩ના રોજ યોજવામાં આવેલ છે.

**(૫) શ્રીમતી ભારતીબેન અશોક કાંતિલાલ પરીખ (તાતીયા) શ્વાસના રોગોનો નિદાન કેમ્પ :** આગામી તા. ૧૮-૭-૧૩ના રોજ યોજવામાં આવેલ છે.

**(૬) શ્રી નગીનદાસ લાલચંદ પારેખ હાર્ટ કેમ્પ :** આગામી તા. ૧૧-૮-૧૩ના રોજ યોજવામાં આવેલ છે.

**(૭) તારાબેન અને શાંતિલાલ છોટાલાલ કડકીઆ કીડનીના રોગોનો નિદાન કેમ્પ :** આગામી તા. ૧૧-૮-૧૩ના રોજ યોજવામાં આવેલ છે.

**(૮) શ્રીમતી સ્મિતા અરવિંદ પરીખ (દૂધવાળા) અને શ્રીમતી મીનાક્ષી રાજેન્દ્ર દેસાઈ (લાટવાળા) ન્યુરો સર્જરી નિદાન કેમ્પ :** આગામી તા. ૧૧-૮-૧૩ના રોજ યોજવામાં આવેલ છે.

**(૯) કમળાબેન અને મણીલાલ સી. મોદી (ચેપ) એન્ડોસ્કોપી કેમ્પ :** આગામી તા. ૧૧-૮-૧૩ના રોજ યોજવામાં આવેલ છે.

**(૧૦) આઈ ચેક અપ કેમ્પ :** આગામી તા. ૩-૮-૧૩ના રોજ શ્રી અનિશભાઈ ગાંધીના સૌજન્યથી યોજવામાં આવેલ છે. આ કેમ્પમાં વડોદરાના આઈ સર્જન ડૉકટરોની ટીમ સેવાઓ આપશે.

**(૧૧) શ્રીમતી કુસુમબેન રસિકલાલ પરીખ (લાકડાવાળા) ડાયાબિટીસ કેમ્પ :** આગામી તા. ૪-૮-૧૩ના રોજ યોજવામાં આવેલ છે.

બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં વિવિધ વિભાગની તા. ૧-૪-૧૩ થી તા. ૩૧-૫-૧૩ દરમ્યાનની **આંકડાકીય માહિતી** નીચે મુજબ છે.

(૧) કમળાબેન ઓચ્છવલાલ કચેરીયા સુતિકા વિભાગ - **૧૧૫**
(૨) લીલાબેન કીર્તનલાલ દોશી-નેત્ર વિભાગ-**૨૫૪૦**
(૩) મણીલાલ ચંદુલાલ પરીખ-એક્ષરે વિભાગ-**૧૨૧૯**
(૪) શ્રી ગોકુલનાથજી મંદિર રજત જયંતિ ઉત્સવ હેમોગ્લોબીન વિભાગ - **૧૮૪૪**
(૫) બાલાસિનોર નાગરીક સહકારી બેંક ઓર્થોપેડીક વિભાગ - **૧૫૦૯**
(૬) શાંતાબેન કાંતિલાલ લાલચંદ દોશી ઈ.એન.ટી. વિભાગ - **૩૧૬**
(૭) લીલાબેન અને ડૉ. બાબુભાઈ સાંકરલાલ દેસાઈ ફીજીશીયન વિભાગ - **૩૩૯૧**
(૮) મણીબેન ઓચ્છવલાલ ચંદુલાલ પરીખ - **૪૩૯**
(૯) મોહનભાઈ લલ્લુભાઈ કડકીઆ (મરઘા) - સોનોગ્રાફી વિભાગ - **૬૫૫**
(૧૦) ડૉ. મોહનલાલ નાથજીભાઈ ધારીઆ - પેથોલોજી વિભાગ - **૪૪૧૩**

**સાધન દાન :** સ્વ. પ્રેમીલાબેન રમેશભાઈ મોહનલાલ દેસાઈ (મેનપુરાવાળા) નાસ્મરણાર્થે હસ્તે તેઓના સુપુત્ર અસીત તરફથી હોસ્પિટલમાં **''ઓક્સિજન મશીન''** સાધનદાનમાં મળેલ છે. સંસ્થા દાતાશ્રીનો ખુબખુબ આભાર માને છે.

**માનદ્ મંત્રી- શ્રી રાજેન્દ્ર દેસાઈ, શ્રી નિતિન પરીખ**

---

## શ્રી બાલાસિનોર કેળવણી મંડળ સંચાલિત
### ઓચ્છવલાલ જેઠાલાલ દેસાઈ (દેડકી)
### પ્રાથમિક શાળા નવા વર્ગખંડો માટે દાનની અપીલ

આપણે બાંધેલી નવી શાળાના બધા જ વર્ગખંડો માટે ધોરણ ૧ થી ૫ દરેકના બે વર્ગો તથા અંગ્રેજી માધ્યમ જુનિયર-સિનીયરના બે વર્ગો સંપૂર્ણ ભરાઈ ગયા છે. હાલ કેટલાંક વર્ગો પ્રાર્થના ખંડમાં બેસાડવા પડે છે. આથી બીજા માળે આગામી વર્ષમાં આયોજનમાં કુલ વધારાના સાત વર્ગો બાંધવાની જરૂરિયાત છે.

આ માટે આપણા ઉદારદિલ દાતાઓને નીચે મુજબ દાન માટે અમે જાહેર અપીલ કરીએ છીએ.

**૧) ૭ વર્ગો માટે દરેક વર્ગના નામકરણ માટે વર્ગદીઠ તથા આચાર્યના કાર્યાલય માટે રૂા. ૩,૫૦,૦૦૦/-**
**૨) દરેક વર્ગના સાધનદાન માટે વર્ગદીઠ રૂા. ૧,૫૦,૦૦૦/-**
**૩) બે વીંગ બીજા માળે - વીંગ દીઠ ૫,૦૦,૦૦૦/- અમને ત્રણ વર્ગ ખંડો માટે દાનના વચન મળ્યાં છે.**

આ સિવાય કાર્યવાહક સમિતિએ બાલમંદિરના બાળકોના દૈનિક નાસ્તા માટે તિથિ યોજના નક્કી કરી છે. આ માટે એક તિથિના રૂા. ૭૦૦૦/- અંકે સાત હજાર આપનાર દાતાનું નામ તેઓ સૂચવે તે તારીખે બોર્ડ પર નામ મૂકવામાં આવશે. શિક્ષણના આ યજ્ઞમાં આપનો ફાળો પુરાવવા વિનંતી.

**સંપર્ક : જતીન દેસાઈ** - સુજાતી એન્ટરપ્રાઈઝ, ૪૨, બાબુ ગેનુ રોડ, મુંબઈ - ૨. ફોન : ૨૨૦૬૦૦૯૦

**- પ્રમુખ - પ્રવીણ દેસાઈ**

# પ્રકીર્ણ વિભાગ

## તેજસ્વી તારલાં

- **ધારીઆ દીલાશા જોગેશ** MBA (રૂસ્તમજી બીસ્નેસ સ્કૂલ) માં ૮૨% મેળવી પ્રથમ આવ્યા છે.

- **યશની સંજય પરીખ (ચાહવાળા)** T.Y.B.Com. માં ૮૮.૪૨ % મેળવી ઉત્તીર્ણ થયા છે.

- **કોમલ રાકેશકુમાર શાહ** B.Sc. Semistar IV માં ૮૪% માર્કસ સાથે ઉત્તીર્ણ થયા છે.

- **શાહ નિકેશ રમેશકુમાર** F.Y.J.C. માં ૭૩.૩૮% માર્કસ સાથે ઉત્તીર્ણ થયા છે.

- **કાજોલ ધવલભાઈ ઝવેરી (દેસાઈ)** (અમદાવાદ) S.S.C. માં ૯૯.૭૯% સાથે ઉર્ત્તીણ થયા છે.

- **Aditya Mitesh Dharia** Passed in H.S.C. (Science) with 80.67 %

- **Purav Viral Kirankumar Gandhi (Paka)** studying in Gopi Birla School scored 96.6 % in his CBSE X Examination. He Scored 100 % in Maths

- **Vrushank Sachin Rameshkumar Kadakia (Dhariwala)** studying in G.D. Somani School scored 86% in his ICSE Examination.

- **Pooja Hitesh Dharia (Lalkha)** studing in T.Y.B.Com. 86.28 % March 2013

- **Shah Rumit Sanjay** Secured 521/550 (94.73%) in S.S.C. & he stood 2nd in the School.

- **Shah Simran Dharmesh** Secured 518/550 (94.18%) in S.S.C.

## નવા ટેલીફોન નંબર

કિશોર કે. મોદી- ઘર: ૨૩૫૩૨૭૫૭

## સભ્યના અવસાન બાદ જ્યોતિપુંજ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના આજીવન સભ્યને જ્યોતિપુંજ ફ્રી મોકલવામાં આવે છે. સભ્યના અવસાન બાદ જો એ વ્યક્તિના કુટુંબમાં અન્ય વ્યક્તિ આજીવન સભ્ય હોય તો તેઓએ શ્રી બાલાસિનોર નવયુવક સંઘમાં જણાવવાનું રહેશે જેથી મરનાર સભ્યનું બંધ થયેલ જ્યોતિપુંજ ફરીથી નવા નામે મોકલવાનું શરૂ કરી શકાય.

જો આ બાબતની જાણકારી ન મળે તો અવસાન પામેલ સભ્યને જ્યોતિપુંજ મોકલવાનું બંધ કરવામાં આવશે. આશા છે સભ્યના કુટુંબીજનો આ બાબતમાં ઘટતું કરી નવા સભ્યપદ દ્વારા જ્યોતિપુંજ મેળવતા રહેશે અને આ યથાયોગ્ય વ્યવસ્થાની સામે નારાજગી વ્યક્ત નહીં કરે. **– માનદ્ મંત્રી ભાવેશ મોદી**

## શુભ લગ્ન

**સૌરભ** ભરત પરીખ (ભરત કાંતીલાલ પરીખ)
**શિતલ** સુરેન્દ્ર નાયક (સુરેન્દ્ર ચીમનલાલ નાયક)

**સૌમિલ** શૈલેષ પ્રવિણચંદ્ર શાહ
**સચી** સુકેતુ રમણીકલાલ મોદી

## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| નીરૂબેન જયેન્દ્ર શાહ (ચકવા) | ૬૬ |
| ગીતાબેન દીપકકુમાર પરીખ (અઘોલી) | |
| સુભદ્રાબેન કુંજબિહારી દોશી (મોડાસાવાળા) | ૭૫ |
| કનૈયાલાલ સાંકરલાલ ધારીયા (માટલી) | ૯૧ |
| શાંતાબેન કાંતીલાલ દોશી | ૮૭ |
| બાબુભાઈ છોટાલાલ દેસાઈ | ૮૦ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો – ૧૯૧૯**